ગઝલો-કી બહાર

—અથવા—

ગુજરાતી ગાયનમાળા.

—તથા— Reg No 355

રાજકઠીયારાની વાર્તા સાથે.

છપાવી પ્રસિધ્ધ કર્તા,

શાહ નાહનચંદ છગનલાલ,

સ્ટેશન સામે લેનવાળા બીલ્ડીંગ, સુરત

આવૃતી ૧ લી.   પ્રત ૫૦૦૦   સને ૧૯૨૩.

સુરત બરાનપુરી ભાગોળ ભાજીવાલી પોળમા આવેના શ્રી 'અંબીકા વીજય' પ્રીન્ટીંગ પ્રેસમાં હરગોવનદાસ હરકીશનદાસે છાપ્યું.

કિંમત બે આના.

—રાજકઠીયારાની વાર્તા.

ગુજરાતી કોપીરાઈટ નં. ૧૦૭૧૨

રાગ—હોહરાની ચાલ.

ભરતખંડમાં સુંદીર ગામ, ક્ષત્રિઓનું મોટું ધામ,
જગજા' નામે પુરનો ધણી, સં નામે રાણી પદમણી,
એક દીવશ નીશાએ રાય, પાશે રાણી ચાંપે પાય,
રાત દીવશનો પડયો વિવાદ, હોડ કરી કીધો સંવાદ.
ચઢા ઉતરી બેને થાય, રાજા હડમાં આવી જાય,
હાજીઆએ, હાજી હા, કરી, કાળી રાત બપોરે ઠરી,
[redacted] ગુણવંતી [redacted] મુકી રાત્રે વન મોઝાર,
[redacted]તી રાણી ગ[redacted] વનમાં પ્રસુત પીડા થઇ
જનો કુંવર કન્હૈયો કહાન, જાણે બીજો ભુપ નીધાન
પણ પતી વીણ સતીનું મન કયમ ઠરાય, જુવે પુત્રને રોવાઇ જાય,
રાણી શોક અધીક મન ધરે, દીકરો સહ્ય દક્ષીણ પરહરે.
ભુખ દુઃખના આવ્યા દીન, સતીનું શરીર થાતું ક્ષીણ,
પુત્ર કુંમોરી માતા મરે, સિદ્ધિ સ્વર્ગ વીશે સંચરે,
મરતાં મંદળીસું હોય હાથ, માતાએ આશીષ સંગાથ,
કુંવર પછિ કઠીયારો ઠયો, પીતા ક્રોધથી કુંવરી વર્યો,
સતીએ દળદર કહાડયું દુર, ત્યાંથી આવ્યા શ્રી સિદ્ધપુર,
કપટે કંથ વગર ઉપડે, સતી સસરાને પાસવડે,
—કહો જોગી પતી કહાં જઇ રહ્યા ! ×જંગલમાં જોગી થઇ ગયા,
—કહો જોગી સસરાનું શું થયું ? ×પુત્ર વધુ પર ચિતજ ગયું,
*કુંવર તાતથી કેમ પમાય! સતીને પતીનો સમાગમ કયાં થાય,
ઉતર સામી આંખો કરો, દક્ષીણ સામી પીઠજ ધરો,
જયો પીતાશ્રી જોગાણુનાથ, લે સતી તુજ પતીનો હાથ,

(રાજકઠીયારો નોવેલમાંથી).

આનંદ બહાર.

બલીરાજા—

મારી સજની, તું ક્યાં રમીઆવી **રજની**, સાચું બોલ, બોલ, બોલ,
સાચી સૈયર, તું શીદને આળ ચઢાવે, કેડો છોડ, છોડ, છોડ,?
હમણાં માળા ગુંથી હતીને, હમણાં કેમ કરમાણી,
પરસેવો તને ક્યાં વળ્યો, વારી ભમ્મર ક્યાં ભીંજાણી—સાચું.
કાળો ભમરો શીરપર બેઠો, ઉરાડતાં ગભરાણી,
ઝાપોટે લટ છુટી ગઇ મારી, ભમર ત્યાં ભીંજાણી.—કેડો.
કસ્તુરી તારા અંગે મ્હેકે, કુસુમ કળીના હારો,
નયન રહ્યાં છે નાચી નવેલી, મળીયો કોણ ઠગારો—સાચું.
ચંદ્ર સરોવર નહાવા ગઇતી, વાટે મળ્યો એક માળી,
છાબ ભરીને ગજરા આપ્યા, હું તો તમથી હારી—કેડો.

બલીરાજા—

વશ કીધો તેં વીર મારો, જે ગુણીયલ ને બહુ સારો,
નથી વાંક જરા કોંઇ મારો, નણદલ તમ વીર [illegible]
રંગ મહેલમાં હતી એકલી, આવી અડપલા કરી ગયા.
ચુંબન કરી ભરી અંક મીલાવી, મોહન મનડું હરી ગયા—નથી.
વસંત જોબન ફુલવાડીમાં, ભુલો પડી ગયો ભમરો,
લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહ્યો ડમરો.—વશ.
શરમાળે બને શાન કરીને, કંચુકીની કશ છોડી,
હૃદય ધરાપર થન થન નાચ્યા, લાજ શરમ સૌ તોડી—નથી.
વદન ચંદ્ર છબી રતી લજાવે, ભ્રકુટી કામણગારી,
બંધુ મારો સરળ હૃદયનો, કળા અજબ છે તારો—વશ

મહાશ્વેતા કાદંબરી— રાગ ભજન.

રૂપે શું મન રાચોરે, કાયાનો રંગ કાચોરે, ભગવાન ભજો (૨)
હાડ માંસને રૂધિર ભરેલું મઢયું ચામડે અંગ (૨)
ગંદા દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ,
બચ્ચો નહિ સાચોરે, ભગવાન ભજો.

ભરથરી ભિક્ષા—પીંગળા અને ભરથરીનો સંવાદ.

* ધીક સુવા ધીક મુજને, ધીક કામ વિકારજી,
જેણુંરે ભુલાવી મને સત્યથી, કર્યો નીચ વીચારજી—
ભેખરે લીધો રાજા ભરથરી.

ક્ષમા કરોરે રાજા રંક છું, નારી અજ્ઞાની જાતજી.
અન્ય વખતે એવું નહીં કરૂં, ભાળ્યા માતને તાતજી;
કપટ રૂપીરે રાણી પીંગલા, એ શું બોલો વચનજી,
રાજરે તજ્યું તુજ કારણે, જો વિચારી મનજી.
ભિક્ષા દેને મૈયા પીંગલા...

** તુંરે ખોટી ને ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી,
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉધ્ધારજી.—ભિક્ષા.

* રહોતો રાજા રસોઇ કરૂં, જમાતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીરરે નીપજાવું ક્ષણ એકમાં, જમીએ આપણ સાથજી.—ભેખરે.
મહારે કરાવું રંગ મહેલમાં. રાખું ગુપ્ત આવાસજી,
જેમરે જાણે નહિ જગતમાં, સાચો જોગ રહી પાસજી.—ભેખરે

× મહેલરે તારાને રાણી શું કરૂં, કેવો ગુપ્ત આવાસજી,
ક્ષીરરે ભોજન તારૂં રાણી શું કરૂં, નથી ભોગની આશજી,—ભિક્ષા
વાસી જંગલના જોગી અમે, નહી ગામમાં વાસજી
વિપની વેલથી આગે રહું, નહિ નારીનો પાસજી —ભિક્ષા

÷ ભગવા જો રાજા ભરથરી, દાવાનળ દીલ થાયજી,
માઇ ન કહો મારા કંથજી, લાગે દીલમાં લાયજી.—ભેખરે.

— વધુરે શું વદું રાણી પીંગલા, કરૂં કેટલો ઉચ્ચારજી,
બંધુ જેવોરે બંધુ તજ્યો, માર્યો વચનનો મારજી;
હવેરે રાજને રાણી શું કરૂં !

\+ વાંકીરે વિધાતા મને ભુલવી, લખિઆ લેખ લલાટજી,
આનુરે પ્રાયશ્ચિત હવે શું કરૂં, મારગ આપો પૃથ્વીમાતજી.—ભેખ.
ત્રણશો નારીરે અન્ય આપની, માલવ પતિ મહારાજજી,
એકને કારણે એને નવ તજો, પાપી પીંગળાને કાજજી—ભિક્ષા
મોહ છોડી દે રાણી પીંગળા, પ્રીતે કર સતસંગજી,
સગુરે નથી કોઇ કોઇનું, આ સંસાર પતંગજી.—ભિક્ષા.
દેતી હો તો દે મુને, નહિ તો કરૂં ગૃહ ત્યાગજી,
ગુરૂજી મારારે રોશે થશે, ચાલી જાય જમાતજી.—ભિક્ષા.

(ભરથરી નાટક.)

મઝહ‌ે હકીમ— ગઝલ—કવ્વાલી.

મખદુમ અલી ઓહમદ, તેરી કલીયરકી, નગરીયાં આંખોમેં બસીહે.
દુખીયા હું બહોત લીજો પીયા મોરી, ખબરીયા અબ જાન ચલીહે.
નયના તોરે મતવારે હેં ઓર દિલમેં, ઉમંગ હે કયા સાબીરી રંગ હે
કયું ન મય ઇતિરાઉં સખીરી મોરી, ચુંદરીયા સારીરને રંગી હે.
દુવારે જો તેરે આંઉ દીયે ધીક, જલાઉ બીપતકો સુનાઉં,
ખુશહો કે ચડાઉં તેરે રોજેપે ચદરયા, યેહ મનમે બસી હે.
સાબીર પીયા મુઝકો તો તેરી આસ લગી હે ગૌ કુબ ચલી હે,
મજધારસે અબ પાર લગાદે મોરી, નૈયા તુમ હકે વલી હે.
દસ બીસ સખીયોંયે બુરી, એક સખી હું જો દુવારે ખડી હું,
ઇન સબકે હાતોંસે મોરી ભરદે, ગગરીયા કયું દેર લગી હે.
અંતે હેં હકીમ આજ સુનો જાનીએ, કલીયર મખદુમ કે દરપર,
ચલ દેખ સખી અબ તુ કલીયરકી નગરીયા, કયા ધુમ મચી હે.

શા, માંડલીક— ગઝલ.

ખુને જીગરકો પીતી હું, બસ ગમમે તેરે યાર
સહેરે ચમનસે ફીરતી હું, બસ ગમમે તેરે યાર.
મય ચુપકે ચુપકે રોતી, મું આંસુઓસે ધોતી,
વો કહાં ગયો મેરે મોતી, મોતી ગીના ના સોતી. બસ ગમમે-ખુને

દીલ ઉસીકુ દીજીએ દીલદાર યાર હો,
કયા હિંદુ કયા મુસલમાન, કદરદાન યાર હો.

મેરી નજર જો તુમસે લગ ગઇ, મેંય પલંગસે નીચે પડ ગઇ.
વોહ કહાં ગયે મેરે પ્યારે, મેં અગ્નિ જેસી જલ ગઇ—ખુને.

રાજ-તિલક— રાગ-ગજલ.

સહુ ફરજંદ ખુદાના છે, સહુમાં નુર ખુદાનું છે.
અગર હો હિંદુ યા મુસ્લીમ, સહું કુદરત ખુદાની છે.
પઢો પુરાણ, યા કુરાન, અવસ્તા, બાઇબલ, ઇન્જીલ.
સહુમાં તેજ છે સરખું, સહુ કુદરત ખુદાની છે,
જપો મુખ રામ કે રહેમાન, અગર જરથોસ્ત કે ઇસુ,
જુદા છે નામ એતો પણ, સહુ કુદરત ખુદાની છે.
ભલે છે કાશી કાબામાં, મંદીરોને મસજીદોમાં.
હરી હાલાએ અમલ, સહુ કુદરત ખુદાની છે.

જોગીકા બરન — કવ્વાલી.

જોગીકા બરન હમને લીયા યારકી ખાતીર.
મસજીદમેં બને મુલાં તો મંદરમેં પુજારી,
દરગાહમેં સજ્જાદા નશીબનકે ભીખારી.
હર નગરીમેં ઢુંઢા કીયા બન બનકે ભીખારી,
ક્યા ક્યા ન કીયા મેંને દીલ ઝારકી ખાતીર—જોગીકા
પંડીતભી જફરદાભી સીયાનેભી બુલાએ
સૈયારા સનાસોંકા દીન આપનેભી દીખાએ
હર આમીલો કામીલસે વઝીફેભી પડાએ
હર એક જતન કરચુકા ઉસ યારકી ખાતીર—જોગીકા
નાકુસમેં પાયા ન ઉસે બાંગે અઝામેં
મસજીદમેં મીલા વો ન હમે કુચે બુતાંમે
કાબેમેં નાશાં ઉસકા ન કાશીકે મકામેં
દર દર મેં ફીરા મેરે ખરીદારકી ખાતીર—જોગીકા
મજનુસા ફીરા કરતા હું દીવાના મેં બનબન
ઇસ આતીશે દુરીસે ફુકા જાતા હય તનમન
ઉસ બુતકી મોહબ્બતમેં બાના શકલ બીરેહાગન
મોજુદ રંગે હું મેરી ઝુન્નારકી ખાતીર—જોગીકા
રેહમતસે નહિં ચાહીએ દીલદાર કીનારા
આખીરતો તો આશીક હું મેં અય જાન તુમ્હારા
લીલાહ જુનુનકા આતીશે હીજરાકા શરારા
બે ચયન હુવા જાતા હું દીદારકી ખાતીર—જોગીકા

ભજનામૃત— ભજન—મીરાંબાઇ.

બલીહારી રસીયા ગીરધારી, સુંદર શ્યામ હો તજી અમને
મથુરાના વાસી, આવા ન બનીયેજી.
વાંસલડી વાગી એહવાં, ભણકારા વાગેને, વ્રજ વાટ લાગે ખારી
સુંદર શ્યામ હો તજી અમને, મથુરાના વાસી આવા ન બનીયે હોજી.
જમુનાનો કાંઠો વાહલા ખાવાને દોડેને, અકળાવી દે છે મુને ભારી—સું.
વૃંદાવન કેરી શોભા, તમ વીણ અમને તો, નવ લાગે હવે સારી—સું.
ગોવરધન તોળ્યો વ્હાલા ટચલી આંગળીયે ને અમપર ઢોળ્યો
ગીરધારી—સું.
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ, શુભ પ્રભુ લેજો સારી
સુંદર શ્યામ હો તજી અમને, મથુરાના વાસી આવા ન બનીયેજી—સું.

મોહબ્બતનું દર્દ-(વીર કેશરી નાટક.) **કવ્વાલી.**

જબ દીલ ન હો કાબુમેં તો કયા મેરી ખતા હય, યેહ શાને ખુદા હય,
સબબ હય જો મોહબ્બતમેં કીસીકિ દલા હય, આફત હય બલા હય.
આશકે મોહબ્બતસેં તો અલ્લાહી બચાવે, યેહ ગમ ન દીખાવે,
યેહ દર્દ વહી હય, જીસકી નહિ કોઇ દવા હય, બેકાર દુવા હય.
શયદાકો લગે કોનસે અંદાઝ, તો દેખે કુછ ગૌર તો કરો,
મરતા હય તો મરનેકી સીવા, કોનજ્યા હય આખર ફના હય.

(વીર કેશરી નાટક)—**સવારે શું થવાનું છે—ગઝલ.**

થવાનું ના થવાનું કહે, તું જાણ્યા કોણ એવો છે,
ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે,
હતી શલ્યા રૂપે અહલ્યા, જગતમાં વાત જાહેર છે,
ન જાણ્યું જ્ઞાની ગૌતમે, સવારે શું થવાનું છે,
હતા કૌરવ અને પાંડવ, જગતમાં મહાબળી યોધ્ધા,
ન જાણ્યું ભીષ્મ જેવાએ, સવારે શું થવાનું છે,
રમ્યા જુગટુ સૌ સાથે, વિભુતિ સૌ ગયા હારી,
ન જાણ્યું ધર્મ જેવાએ, સવારે શું થવાનું છે.

(વિરકુણાલ નાટક)—**પરદેશી થનારો—ગઝલ.**

અમારા દેશને છોડી અમે થાનાર પરદેશી,
હૃદયને મેળવી લેશે, અમારો પ્યાર પરદેશી,
થયાં દુર્ભાગીયા એવા, તજાશે દેશની સેવા,
ભટકશું ! પારકા ઘરમાં, બની લાચાર પરદેશી,
અમારાં દેશબંધુઓ ! અમારી જન્મ ભુમીમાં,
હવે છેલ્લા પ્રણામો છે, અમે હદપાર પરદેશી,

મહાશ્વેતા કાદંબરી— રાગ—**ભજન.**

રામ ભજ તું પ્રાણીયા, તારા ભવની ભાવટ ભાંગશે (૨)
તારા દેહનું સાર્થક થશે......રામ ભજ તું,
"બોલો રામ, સિતારામ"
પંખીડા તું જો વિચારી, કર્મ તારાં લે સંભારી,
વાસના નઠારી તુને રૌરવ, નર્કે નાંખશે......રામ.
સુણ તેં ભક્તિ વીસારી, મતિ તેની ગતી તારી,
હવે સંભાળી, તારી કાયા કંચનની થશે......રામ

મુંબઈની ઇમીટેશન શેઠાણી—ગઝલ.

તમે મુંબઇ વિષે આવ્યા, નિહાળી સર્વ દરબારા,
 છતાં સાહેબ ઓ મ્હારા! જુઓ મુંબઇની શેઠાણી!
અહા! મુંબઇની અલબેલી! છબેલી કંઇક સુધરેલી,
 લટકતી લાજને મેલી, જુઓ મુંબઇની શેઠાણી!
ફરે છે કંથ ઉઘરાણી, લખે નામું નયન તાણી,
 છતાં કહેવાય "શેઠાણી," જુઓ મુંબઇની શેઠાણી!
પતિ પરદેશમાં આવે, પ્રિયાને પાસ તેડાવે,
 પછી વહુ પાંખ ફફડાવે, જુઓ મુંબઇની શેઠાણી!
સ્વદેશી કામ સૌ કરતી, ખુશીથી ખાંડતી દળતી,
 હવે "રામા" વિના રડતી, જુઓ મુંબઇની શેઠાણી!
ઘરે સસરો અને સાસુ, ખરચ વિણુ ખેરવે આંસુ,
 જમે વહુ મિષ્ટ ફરમાસુ, જુઓ મુંબઇની શેઠાણી!
કુવેથી ખેંચતી પાણી, નણંદની સાચવે ભાણી,
 હવે થઇ રાયની રાણી, જુઓ મુંબઇની શેઠાણી!
ઘણી મુંબઇ તણી નારી, બતાવે ઠાઠ બસ ભારી,
 ભલે વર થાય ભીખારી, જુઓ મુંબઇની શેઠાણી!
બને મુંબઇની શેઠાણી, કરે પઇસા તણું પાણી,
 રળે વર ટાંટીઆ તાણી, જુઓ મુંબઇની શેઠાણી!
પતિ શીતેર લાવે છે, સકળ પોતા ઉડાવે છે,
 છતાં દેવું કરાવે છે, જુઓ મુંબઇની શેઠાણી!
વસાવે નવનવી સાડી, ફુલેલી ફેન્સી ચોળી,
 ખરીદે બુટની જોડી, જુઓ મુંબઇની શેઠાણી!
સુવાસિક તેલ ને અત્તર, રૂમાલો રાખતી સત્તર,
 ગણે છે કોણ ત્યાં ગણતર, જુઓ મુંબઇની શેઠાણી!
કબાટો કે તીજોરીના છતાં દશ બાર ચાવીના,
 રૂપાના રાખતી ઝુડા, જુઓ મુંબઇની શેઠાણી!
જશે નાટક તમાસામાં, અગર સરકસ સિનેમામાં,
 ગણે મ્હોટાઇ ભપકામં, જુઓ મુંબઇની શેઠાણી!
સદા નરમી રહે નાડી, જતાં કઇ જોઇશે ગાડી,
 જશે લટકા કરી લાડી, જુઓ મુંબઇની શેઠાણી!

કરે ઘરકામ સૌ ઘાટી, પછમણી પાછળે જાતી,
અહા ? હોંસે હવા ખાતી, જુઓ મુંબઇની શેઠાણી !
નથી નારી સકળ એવી, સતી કંઇ છે સીતા જેવી,
દયા સૌભાગ્યની દેવી, અસલ છે એજ શેઠાણી !
[illegible] કરનાર શેઠાણી ? સુણી ના કંપશો વાણી,
હશે પરમાર્થી ને શાણી, ખરી મુંબઇની શેઠાણી !
અપંગો પર દયા આણી દુઃખીના દર્દને જાણી,
મદદ દેતાં ન અચકાણી ! અહાહા ! એજ શેઠાણી !
સ્થિતિ સ્વામી તણી જાણી, વિના "ઘાટી" ન ગભરાણી,
શિયળવંતી વિનયવ.ણી, ગુણી ગૃહરાજ્યની રાણી !
"રા. મણિકાન્ત"ની કાવ્યમાળામાંથી.

સતિ તોરલ. રાગ—ભજન.

પાપ તારૂં પ્રકાશ જાડેજા, પાપ તારૂં પ્રકાશરે,
ત્હારી બેડલીને બુડવા નહિ દઉં, જાડેજારે—તોરલ કહે છે,
હરણ હેર્યાં લખચાર તોરલદે, હરણ હેર્યાં લખચારરે,
કંઇક વનના મ્રગલાં મારીયાં, તોળાદેરે—જેશળ કહે છે,
કર્મ ત્હારાં સંભાર્યે જાડેજા કર્મ ત્હારાં સંભાર્યેરે—તારી બેડલી,
લુટી કુંવારી જાન, સતિ નારી લુટી કુંવારી જાનરે,
સાતવીશું મોડબંધ મારીયા, તોળાદેરે જેશળ કહે છે,
ધર્મ ત્હારો સંભાળ્ય, જાડેજા ધર્મ ત્હારો સંભાળ્યરે—તારી બેડલી
તોડી સરોવર પાળ, સતી નારી તોડી સરોવર પ.ળરે,
બ્હેન ભાણેજ ડુબાવ્યાં, તોળાદેરે—જેશળ કહે છે,
કંઇક પરમારથ કર જાડેજા કંઇક પરમારથ કરરે—તારી બેડલી,
માથાના જેટલા વાળ સતી નારી માથાના જેટલા વાળરે,
એટલાં કુકર્મ મ્હેં કર્યા, તોળાદેરે—જેશળ કહે છે,
પાપ ત્હારૂં પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશ
વિનવે જેસલ રાય સતિને, વિનવે જેસલ રાય;
સતિ નારી આ તારી, બેડલી ભવ પાર ઉતારરે,

સતિદ્રોપદી— કર્મ—ગતી.

કરમગતી અતી ન્યારી વિધાતા, કળી ન શકે મતી મારી અરેરે—ક.
એકદીન રાજા એકદીન જોગી, (૨) એકદીન હાલ ભીખારી અરેરે—ક.
ધરી મૃગછાલા ડંડકમંડળ, અંગ વિભુતી લગાવી ફરેરે—ક.
રાજ નિવાસી જંગલવાસી, દુઃખી નિરંજન નાથ સ્મરેરે—ક.

મીસ અમારજાન— રાગ આપણી પીલુ દસ્તાદી.

હજારોં મેરે કાનકા મોતી (૨) કાનકા મોતી (૨) હજારો
એરે મોતી મેરા હીય પડાઉ (૨) લે જમુના જલધોતી, (હેલોતી)
લે જમુના જલ ધોતી. હજારો. (૨)
અગલી બજાર મેરા મોતી ગુમાનાં (૨) પીછલી બજાર ખડી રોતી
પીછલી બજાર ખડી રોતી–હજારો—(૨) (કાયકુ રોતી)
એરે મોતી મેરા લાખ ટકેકા (૨) ઘર છતી મન પર સોતી (૨)
કાનકા મોતી, કાનકા મોતી, હજારો મેરે-કાનકા મોતી. (હજારો) ૨

અરૂણોદય— આબાદીનો ઉપાય.

વ્હોજો ભારતના સંતાન, જગતમાં ભારત આબાદી.
તમે અંગે ધરો ખાદી.
દેશ ઉદયની તજો નિરાશા, હવે બનો આશા વાદી.
વિદેશીનાં તમે મોહ તજ્યાં નહીં, કરી દેશની બરબાદી.
કલંક કાળા દુર કરો એ પાવન કર પહેરો ખાદી.
"આ દેશ ભારત વર્ષ છે, જ્યાં પ્રથમ અરૂણોદય થયો."
"અસ્તા ચળે તમ ભાગ્યનો, ભાન અરે આજે ગયો."
"પ્રાચીન કળા મંદીર તમારૂં તેજ હીણુ દેખાય છે."
"કારણુ તમારી સંપતિ. પરદેશમાં વહી જાય છે."
લોક માન્યના વીર વતની કંઇ ધરો ઊરમાં યાદી
તમે અંગે ધરો ખાદી.

માલતી માધવ—

નાનકડી નાજુક નાર, બહુ નાનકડી, બહુ નાનકડી,
મારા લાલાની છું લાડકડી (૨) છું લાડકડી (૩)
આંખ તણે મટકે પટકું છું લાલને
નાની શું સમજે વ્હાલાના વ્હાલને (હુંતો બધુએ સમજુંછુ)
જાણી ભોળો ભરથાર, તું બહુ માથે ચડી— (૩)—નાનકડી.

ગઝલે—કુમરી, અલસીઆ,

ફસ ગઇ મેં તો કાલુ બલામે—
લાઝ અલીમ ઔર શીમકા પરદા, ઇશકો હટાકર સામને આયા,
દીલમેં અદાએ ઉતર ગઇરે,—ફસ ગઇ મેં તો કાલુ બલામેં,
ઇન્ના અલકના દીલસે ભુલાયા, નહનો કરમ સબકો બતાયા,
દીલમેં સર ગઇ ભર ગઇરે,—ફસ ગઇ મેં તો કાલુ બલામેં.

૧૦૭૧૨

અબળાઓના બંધન—રાગ ભજન.

કાંતો કાંતો નરનાર ! સંસાર તો સુતર જેવો—કાંતો કાંતો.
ગુણિયલ ચરખો ગુંજે જ્યાહિં, જોવા ઉતરે દેવો;
માયાના મદ મોહ મિટાવે.
ચંત્રની અધિમાહિ ચટની જેવો—સંસાર તો સુતર જેવો,
સત જુગનુ એ ભાન કરાવે, ગડ સુદર્શન જેવો.
ઘર ઘર પૂજો એમતિ માને,
ભારતનો છે ભાઇ મીઠાઇ મેવો—સંસાર તો સુતર જેવો—કાંતો.
